C(26)

ક્રમાંક/મહેકમ/૧/૧૬

કમિશ્નર કચેરી
( મહેકમ વિભાગ )
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર.
તા. ૬ /૪/૨૦૨૦૧

વિષયઃ– **ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા આઉટ સોર્સીંગથી પુરી પાડવા અંગેના ટેન્ડરના ટેન્ડરર (૧) ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા તથા (૨) સ્પાયર એન્ટરપ્રાઈઝની ઈ.એમ.ડી. જપ્ત કરવા બાબત.**

સંદર્ભઃ–
(૧) ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા આઉટ સોર્સીંગથી પુરી પાડવા અંગેના ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. તથા સ્પાયર એન્ટરપ્રાઈઝ દ્વારા એન.પ્રોકયુર મારફતે ભરવામાં આવેલ ટેન્ડરના ભાવ
(૨) ટેન્ડર કમીટી સમક્ષ તા.૭/૧૨/૨૦૨૦ ના રોજ ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. તથા સ્પાયર એન્ટરપ્રાઈઝ દ્વારા કરવામા આવેલ રોજકામ
(૩) કમિ.સ્ટે.ક.ઠ.નં.૬૯૧ તા.૧/૧/૨૦૨૧
(૪) અમલીકરણ આદેશ ક્રમાંક/મહેકમ/૧/૫૩૧ તા.૧૫/૧/૨૦૨૧

---

હુ કમ :–

ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા આઉટ સોર્સીંગથી તા.૩૧/૩/૨૦૨૨ સુધી પુરી પાડવા અંગેના સંદર્ભ–(૧) મુજબ ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. તથા સ્પાયર એન્ટરપ્રાઈઝ તથા અન્ય ટેન્ડરરોએ ભાવ ભરેલ હતા જેના ટેકનીકલ બીડ તા.૨૨/૭/૨૦૨૦ ના રોજ ઉપસ્થિત ટેન્ડરરની હાજરીમાં ખોલવામાં આવેલ હતા. આ ટેકનીકલ બીડમા કવોલીફાય થયેલ ટેન્ડરોની એન. પ્રોકયુર મારફતે આવેલ કોમર્શીયલ બીડ ટેન્ડર કમીટી સમક્ષ ખોલવામાં આવેલ હતા.

સદરહુ ટેન્ડરમાં દરેક ટેન્ડરર પાસે માસિક કુલ રકમના ભાવો મંગાવવામા આવેલ હતા મહિનામા કચેરી ૨૬ દિવસ ચાલુ રહે તે પ્રમાણે ગણતરી કરી ભાવ આપવાના રહેશે. તેમજ આ કામગીરીમાં રોકાયેલા દરેક સેવકને પ્રતિમાસ ૨૬ દિવસ લેખે લાગુ પડતા લઘુતમ વેતન દર + ઈ.પી.એફ. + ઈ.એસ.આઈ. + જી.એસ.ટી. અન્ય લાગુ પડતા ચુકવણાને ધ્યાને રાખી ભાવ ભરવાના રહેશે તેમ જણાવવામાં આવેલ હતું.

આવેલ કોમર્શીયલ બીડોના ભાવોની ચકાસણી કરતા ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. સવિસીઝે ભરેલ ભાવ રૂા.૦.૦૦૯ તથા સ્પાયર એન્ટરપ્રાઈઝે ભરેલ ભાવ રૂા.૧.૦૦ પ્રતિમાસ ભરેલ હતા આ બંને પાર્ટીઓએ ભરેલ ભાવો પ્રાથમિક દ્રષ્ટિએ જોતા પાર્ટી દ્વારા પુર્ણ ટેન્ડર, ટેન્ડરની શરતો વિગેરે ધ્યાને લીધા વગર ભાવ ભરેલ હોવાનું જણાતા (૧) ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. અને (૨) સ્પાયર એન્ટરપ્રાઈઝને તેઓના ભાવો અંગે સ્પષ્ટતા મેળવવા ચર્ચા / નેગોશીએશન માટે તા.૭/૧૨/૨૦૨૦ ના રોજ ટેન્ડર કમિટિ સમક્ષ બોલાવતા આ બંને પેઢીઓ દ્વારા ટેન્ડરની સંપુર્ણ વિગતોનો અભ્યાસ વગર જ ટેન્ડર ભર્યા હોવાનું માલુમ પડેલ તેમજ તેઓના ટેન્ડરની વિગતો અને અન્ય રજુ કરવાના ડોકયુમેન્ટસ બાબતે સમજુતી આપતા તેમણે ટેન્ડરમાં ભરેલ ભાવોથી કામ કરવા માંગતા નથી તેમ સંદર્ભ–(૨) ના રોજકામમાં જણાવેલ છે.

ઉપરોકત બંને પેઢીના પ્રતિનિધિ દ્વારા કરેલ રજુઆત અનુસાર કરવામા આવેલ વંચાણ સંદર્ભ–(૨) ના રોજકામને ધ્યાને લઈ ટેન્ડરર (૧) ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. સવિસીઝ અને (૨ ) સ્પાયર એન્ટરપ્રાઈઝ ભાવનગરની ટેન્ડર સાથે સામેલ ઈ.એમ.ડી.ની એફ.ડી.આર. રૂ.૫૦,૦૦૦/– જપ્ત કરવા વંચાણ સંદર્ભ–(૩) થી ઠરાવેલ છે. આ ઠરાવનો અમલ કરવા વંચાણ સંદર્ભ–(૪) થી અમલીકરણ ઠરાવ થયેલ છે. સબબ ભાવનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં કચેરી સુવિધા વ્યવસ્થાપનના ટેન્ડર સાથે સામેલ રાખેલ(૧) ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. સવિસીઝ (૨ ) સ્પાયર એન્ટરપ્રાઈઝની ઈ.એમ.ડી.ની રૂ.૫૦,૦૦૦/– ની એફ.ડી.આર. જપ્ત કરવા આથી હુકમ કરવામાં આવે છે. સબંધીત સવોએ તે મુજબ અમલ કરવો.

<u>નોંધ પરની માન.કમિશનરશ્રીની આજ્ઞાનુસાર</u>

નાયબ કમિશ્નર (એડમીન.)
મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ જાણ તથા અમલ થવા :–</u>

(૧) ફોર્સ–૧૧ સીકયુરીટી એન્ડ ઈન્ફ્રા. સવિસીઝ
શોપ નં.એસ ૯/૧૦, સિલીકોન શોપર,
ઓપોઝીટ સત્યનગર, ઉધના મેઈન રોડ,
ઉધના, સુરત–૩૯૪૨૧૦

(૨) સ્પાયર એન્ટરપ્રાઈઝ
ભાવનગર

(૩) ચીફ ઓડીટરશ્રી

(૪) ચીફ એકાઉન્ટ ઓફીસરશ્રી........... સદરહુ એફ.ડી.આર.ની રકમ સબંધીત બેન્કમાંથી મેળવી ભાવનગર મહાનગરપાલિકાની ટ્રેઝરીમાં જમા કરાવવાની કાર્યવાહી કરવા સારૂ.

(૫) વહીવટી અધિકારીશ્રી, મહેકમ વિભાગ